# સાગબારાના મે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.સાગબારા

**ફોજદારી કેસ નં. 451/2026**

**આંક- 5**

શ્રી સરકાર **....ફરીયાદી**

વિરૂધ્ધ

**કમલેશભાઇ ભોગીલાલભાઇ વસાવા,રહે.ચીતલદા,તા.ઉમરપાડા,જી.સુરત**

**.....આરોપી(ઓ)**

**ગુન્હો:- ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949ની કલમ 66(1)(બી) તથા મોટર વેહિકલ એક્ટ, 1988ની કલમ 3, 181 અને 185 મુજબ...**

**-:: ચુ કા દો ::-**

1. આ કામના આરોપી સામે ઉપરોક્ત મુજબનો ગુનો નોધાયેલ છે અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ કરતાં આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતો હોય, ઉપરોક્ત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.
2. આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરવા માગતા હોઈ તે સબબની પુરસિસ રજૂ કરેલ જેથી કબૂલાત સ્વીકારી, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી – સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક- ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતાં હોય તેમ જણાવે છે અને તે સબબ લેખિત પુરસિસથી જાહેર કરેલ છે. જેથી આરોપીની ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ ગુનો કબૂલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ, કુટુંબના ભારણપોષણની જવાબદારી તેમના શિરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.
3. આરોપીની ગુનાની કબૂલાત જોતાં તે સ્વૈછીક હોવાનુ જણાયેલ છે. ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધ હાલના ગુના સિવાય અન્ય કોઈ ગુનાઓ નોંધાયેલ હોવાનો કોઈ પ્રાથમિક પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલ નથી. જેથી આરોપીની ગુના કબૂલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબૂલ કરેલ છે તેમજ ગુનાનો પારાવાર પસ્તાવો છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહિ કરવાની બાંહેધરી આપેલ છે તેમજ આરોપી મજૂર વર્ગના વ્યક્તિ હોવાનું ધંધાની વિગતમાં દર્શાવેલ છે તે હકીકત તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વાજબી જણાઇ આવે છે. આરોપી ઉપર આક્ષેપિત ગુનામાં મોટર વેહિકલ એક્ટની કલમ 185માં બે વર્ષ સુધીની કેદની સજા અથવા ₹10,000/- ના દંડની જોગવાઈ હોય તથા મોટર વેહિકલ એક્ટની કલમ 181માં બે વર્ષ સુધીની કેદની સજા અથવા ₹5,000/- ના દંડની જોગવાઈ હોય, તેમજ પ્રોહી કલમ 66(1)બીમાં પણ દંડની જોગવાઇ હોય આરોપીની વિદ્વાન વકીલશ્રીએ વર્ણવેલ આર્થિક પરિસ્થિતિ અનુસાર ત્રણેય કલમમાં અલગ અલગ જોગવાઈ મુજબનો દંડ ભરી શકવા સક્ષમ ન હોય અને ફક્ત નબળી આર્થિક પરિસ્થિતિના કારણે ₹10,000/- જેવો મોટી રકમનો દંડ કરવામાં આવે તો દંડના બદલે જેલ ભોગવવાની શક્યતા રહેલ હોય, મોટર વેહિકલ એક્ટની કલમ 181 અને 185ની જોગવાઈ મુજબ દંડના બદલે ફક્ત હળવી કેદની સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટનો પ્રસ્થાપિત સિદ્ધાંત કે ફક્ત દંડ ભરી શકવાની અસક્ષમતા અને ગરીબીના કારણે કોઇ જેલમાં ન રહેવું જોઈએ તે તથા ઉપરોક્ત તમામ સંજોગો અને નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજ્ય વી. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદાના પ્રસ્થાપિત હળવી સજાના સિદ્ધાંતો ધ્યાને લઇ કાયદાની જોગવાઇમાં કોર્ટને આપેલ વિવેકબુદ્ધિ સત્તાનો ઉપયોગ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- : હુકમ : -**

1. આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ 255(1) / ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ 278(1) અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ 66(1)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ₹1000/- (રૂપિયા એક હજાર પૂરા) નો દંડ તથા મોટર વેહિકલ એક્ટની કલમ 181 અને 185માં તકસીરવાન ઠેરવી બંને ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન-2ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. બિનકીમતી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો. કીમતી મુદ્દામાલ, જો હોય તો, વચગાળાનો હુકમ કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય પરત કરવાપાત્ર કીમતી મુદ્દામાલ, જો હોય તો, મૂળ માલિકને ખરાઈ કરી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

   હુકમ આજરોજ તા.14/03/2026 ના રોજ **નેશનલ લોક અદાલતના દિવસે સ્પેશ્યલ સિટિંગમાં** ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 14/03/2026

સ્થળ: સાગબારા

**(ભરતકુમાર અશોકભાઈ ચૌધરી)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
સાગબારા, જી.નર્મદા
(જજ કોડ નં.GJ01651)